## વડીલોને વંદન
## અભિનંદન



ડાહ્યાભાઈ ભીમજીભાઈ પટેલ
(૧૯૪૦)ફોન: ૨૩૨૨૪૯૭૮



ગિરીશચંદ્ર તારાચંદ ઝાટકીયા
(૧૯૪૫)મો. ૯૦૯૯૦૭૩૪૪૪



ગોમતી નગર ટોપી મીલ નજીક મુસ્લિમસમુદાયના સમુહલગ્ન કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ.

# ૨૦૧૪ના વર્ષમાં ૪૧ દેશોમાં ચુંટણી

## વિશ્વમાં ૪૨ ટકા વસ્તી અને ૫૦ ટકાથી અધિક જીડીપી ધરાવતા ૪૧ દેશોના ચુંટણી પરિણામ અનેક ક્ષેત્રોમાં નિર્ણાયક પ્રભાવ પાડશે

ગાંધીનગર, તા.૧૬

દુનિયાની ૪૨ ટકા વસ્તી ધરાવતા ૪૧ દેશોમાં ચાલુ વર્ષે ચુંટણી યોજાવાની છે. ૨૦૧૪નું વર્ષ અડધી દુનિયાનું ભાવિ ઘડશે. ભારત સહિતના ઘણા દેશોમાં ચાલુ વર્ષે ચુંટણીઓ હોઈ વિશ્વના આર્થિક ક્ષેત્રમાં તેનો ખુબ પ્રભાવ પડશે. આગામી દિવસમાં ભારતમાં સામાન્ય ચુંટણીઓ યોજાશે તેના કારણે છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય ચહલપહલ વધી ગઈ છે. દુનિયાભરની ચૂંટણી અને રાજકારણ પર નજર રાખતી વેબસાઈટ અનુસાર ૨૦૧૪ના ચાલુ વર્ષમાં યોજાનારી ચુંટણીના પરિણામો દુનિયામાં મહત્વનો ભાગ ભજવશે. ભારત, ઈન્ડોનેશિયા, અફઘાનિસ્તાન, તુર્કી, યુરોપીયન યુનિયન, દ.આફ્રિકા અને લેટીન અમેરિકાના ચુંટણી પરિણામો દુનિયામાં આર્થિક પ્રભાવ પાડશે. આમાંથી ઘણા બધા દેશોમાં પ્રથમ વખત ચુંટણી યોજવામાં આવશે. જેમાં ફીજીમાં લોકશાહી પધ્ધતિથી પ્રથમવાર અને તુર્કીમાં પ્રથમ વખત રાષ્ટ્રપતિની ચુંટણી યોજાશે. દુનિયામાં ચુંટણી યોજાવાની છે. જેમાં કેટલાક દેશોમાં ઘર્ષણ થવાનું જોખમ પણ રહેલું છે. જેમાં ગ્રીસ અને તુર્કીમાં સળગતા અંગારા પર ચાલવા જેવું છે. ગત વર્ષની ચુંટણીઓમાં લોહીયાળ જંગ ખેલાઈ ગયા છે ત્યારે ૨૦૧૪ની ચુંટણીઓ મહત્વની અને નિર્ણાયક સાબિત થશે.

### વિશ્વના ક્યા દેશોમાં ચૂંટણી

- જાન્યુઆરી-બાંગ્લાદેશ, ઈજીપ્ત
- ફેબ્રુઆરી-કોસ્ટારીકા, સાલ્વાડોર, થાઈલેન્ડ, સ્વીત્ઝરલેન્ડ
- માર્ચ-કોલંબીયા, ગુયાના-બિસાઉ, મેસોડોનિયા, સ્લોવોકીયા
- એપ્રિલ-અફઘાનિસ્તાન, ઈન્ડોનેશિયા, ઈરાક, અલ્જીરીયા, હંગેરી, દ.આફ્રિકા
- મે-પનામા, લિથુઆનિયા, મલાવી, યુરોપીયન યુનિયન, કોલંબીયા, બેલ્જીયન, ભારત
- જુલાઈ-ઈન્ડોનેશિયા
- ઓગષ્ટ-તુર્કી
- સપ્ટેમ્બર-કોસોવો, ફીજી, સ્કોટલેન્ડ, (બ્રિટન) સ્વીડન
- ઓકટોબર-લાતિવિયા, બોસનીયા, બ્રાઝીલ, મોઝામ્બીક, ઉરુગ્વે, લેબનોન, બોલીબીયા
- નવેમ્બર-અમેરિકા, ટોંગા, રૂમાનીયા, મોલડોવા, નામીબીયા, ન્યુઝીલેન્ડ, કેટલોનિયા (સ્પેન)

# તલાટી પરીક્ષા માટેનું પ્રશ્નપત્ર ભારે રહ્યું

## ગુજરાતી વ્યાકરણનાં ૩૫ પ્રશ્નોથી વિદ્યાર્થીઓને પરસેવો છુટી ગયો

અમદાવાદ, તા. ૧૬

સમગ્ર ગુજરાત સહિત અમદાવાદમાં આજે રેવન્યુ તલાટીની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં બેરોજગારીના ભારો ભાર દર્શન થયા હતા. સમગ્ર ગુજરાતમાંથી આઠ લાખ જેટલા યુવક-યુવતીઓ રેવેન્યુ તલાટીની પરીક્ષા આપીને પોતાના ભાગ્ય અજમાવ્યા હતા. જો કે આ પરીક્ષાથી યુવકોમાં રહેલ સરકારી નોકરી પ્રત્યેનું ઘેલુ અને ગુજરાતની બેરોજગારી ઉડીને આંખે વળગ્યાં હતાં. બીજી બાજુ પરીક્ષા આપતા વિદ્યાર્થીઓએ પેપર ખૂબ લાંબુ હોવાનું જણાવ્યું હતુ. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં રેવન્યુ તલાટીની ૧૫૦૦ બેઠકો માટે લેવાયેલ પરીક્ષામાં આજે ૮ લાખ કરતા વધુ ઉમેદવારો બેઠા હતા. જેમાંથી અમદાવાદમાં પણ ૧,૦૬,૧૧૭ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેમાં ગુજરાત બહારનાં ૪૩ ઉમેદવારો પણ જોડાયા હતા. આ માટે અમદાવાદ જિલ્લામાં ૨૭૯ શાળામાં ૩૫૪૭ બ્લોક ફાળવવામાં આવ્યા હતા જ્યારે કુલ પાંચ હજાર કર્મચારીઓ પરીક્ષા કામમાં જોડાયા હતા. આ ઉપરાંત ફ્લાઈંગ સ્કોડ પર ઉપસ્થિત રહીને પરીક્ષામાં ગેરરીતિ રોકવાનો પ્રયત્ન કર્યો હતો. જેના કારણે એકંદરે વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં પરીક્ષા આપી હતી. પરીક્ષા સંચાલનમાં છૂટક છબરડાઓને બાદ કરતા કોઈ વિશિષ્ટ ઘટના પ્રકાશમાં આવી ન હતી. બીજી બાજુ તલાટીની પરીક્ષાનું પેપર વિદ્યાર્થીઓને સહેલુ લાગ્યું હતું જેના કારણે પાસીંગ મેરીટ ઉંચુ જાય તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. જો કે પેપર લેંધી હોવાના કારણે મોટાભાગના વિદ્યર્થીઓને ૩૦ થી વધુ માર્કના પ્રશ્નો છુટી ગયા હતા. જ્યારે ગુજરાતી વ્યાકરણના ૩૫ પ્રશ્નોએ પણ વિદ્યાર્થીઓને પરસેવો પડાવ્યો હતો. જો કે અંગ્રેજીના ૧૫ પ્રશ્નો સરળ લાગતા વિદ્યાર્થીઓને રાહત થઈ હતી. આ ઉપરાંત પેપરમાં સામાન્ય જ્ઞાન અને બૌદ્ધિક કૌશલ્યના ૩૫ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા.

## અમદાવાદ-રાજકોટ માર્ગ પર અકસ્માતમાં ૪ના કરૂણ મોત

રાજકોટ,તા.૧૬

હંમેશા વ્યસ્ત રહેતા રાજકોટ-અમદાવાદ હાઈવે પર લિમડી નજીક આજે સર્જાયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત થતા ભારે સનસનાટી મચી ગઈ હતી. અમદાવાદ હાઈ પર બનેલી આ ઘટના બાદ બચાવ અને કામગીરી તરત જ હાથ ધરવામાં આવી હતી. સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ લિમડી નજીક ટોયોટા ગાડીનું ટાયર એકાએક ફાટી જતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

## દર્દીઓ વધ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દિવસ દરમ્યાન ગરમીનો અનુભવ થાય છે. થોડીકવાર તડકામાં બેસો તો તડકો અકળાવે છે ક્યારેક તો ઓછી સ્પીડે પંખા ચલાવવાની પણ ફરજ પડે છે. જો કે સાંજ પડતા જ ઠંડીનો અનુભવ થવા માંડે છે. ક્યારેક એકાએક જ પવનની ગતિ વધે છે તો ઠંડીનો અનુભવ વધુ થાય છે. દિવસે ગરમી અને રાત્રે ઠંડીનો અનુભવ થતા તેની અસર લોકોના સ્વાસ્થ્ય પર પડવા માંડી છે. શરદી, ખાંસી, ઉધરસ, તાવના દર્દીઓ વધવા માંડ્યા છે. ડૉક્ટરોને ત્યાં આવતા દર્દીઓ મોટાભાગે આ જ ફરીયાદ લઈને આવે છે. વળી છેલ્લા કેટલાક દિવસોથી રાત્રે ઠંડી વધતા ધોઈને મુકી દીધેલા ગરમવસ્ત્રો ફરીથી કાઢવાની ફરજ પડી છે. આજે મહત્તમ તાપમન ૨૭.૮ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૨.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજ સવારે ૭૮ ટકા અને સાંજે ૩૦ ટકા નોંધાયો હતો.


**ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી.**
સેક્ટર-૧૦એ, બીજ નિગમ પાસે, ગાંધીનગર

**જાહેર નિવિદા**

સંશોધન અધિકારીશ્રી ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લી., સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૪૩ ફોન નં. ૨૩૨૨૦૪૦૨ની કચેરી દ્વારા નિગમનો વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૧૨-૧૩ છાપી સપ્લાય કરવાના કામ માટે ભાવો ટેન્ડર-ડી ફોર્મમાં સીલબંધ કવરમાં રજી. પોસ્ટ એ.ડી.થી માંગવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ રૂ. | ૧) બાનાની રકમ ૨) ટેન્ડર ફી | ૧) ટેન્ડર આપવાની/ ૨) ટેન્ડર પરત લેવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|
| ૧ | વિગમનો વાર્ષિક અહેવાલ સને ૨૦૧૨-૧૩નો છાપી સપ્લાય કરવાનું કામ | ૧૯,૩૮૦/- | ૧) ૨૦૦/- ૨) ૩૦૦/- | (૧) ૭/૩/૧૪ ૨) ૧૫/૩/૧૪ |

વધુ વિગત માટે નિગમની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in તથા સરકારશ્રીની વેબસાઈટ www.statetenders.com વેબસાઈટ જોવા અથવા ઉક્ત કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.
માહિતી/૨૫૮૬/૧૩-૧૪


## શબ્દાવલી - ૫૩૧૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | |
| ■ | ૬ | | ૭ | | ■ | | ■ |
| ૮ | | ■ | | ■ | ૯ | | ૧૦ |
| | ■ | ૧૧ | | ૧૨ | | ■ | |
| ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | |
| ■ | ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ | |
| ૧૯ | ■ | ૨૦ | | ■ | ૨૧ | | |
| ૨૨ | | ■ | ૨૩ | | ■ | ૨૪ | |

### આડી ચાવી

૧. સદાબહાર ઋતુ, ઋતુરાજ (૩)
૪. તરબતર, રસબોળ (૪)
૬. કૃષ્ણના પિતા, કૃષ્ણનું એક નામ (૪)
૮. દુ:ખ, દર્દ (૨)
૯. વિનવણી (૩)
૧૧. સારીવસ્તુમાં ખરાબ વસ્તુ ભેળવવી તે (૪)
૧૩. નારાયણનો પરમ ભક્ત(૩)
૧૫. પત્તા, ગંજીફાના પાના(૨)
૧૬. ભાગલા (૪)
૧૮. બુચ (૨)
૨૦. હિંસક પ્રાણી (૩)
૨૧. બત્તી, દીવો (૩)
૨૨. સાધુસંતનું રહેઠાણ (૨)
૨૩. પત્તાની એક રમત (૨)
૨૪. કિનારો, આરો (૨)

### ઊભી ચાવી

૨. ડાયલોગ, વાકયો (૩)
૩. જરા પણ, એક માપ (૨)
૪. પ્રેમ, સ્નેહ (૨)
૫. પરહેજ, ચરી (૩)
૭. પારસીઓનું ધર્મસ્થાન(૩)
૮. કાળજી, સંભાળ (૩)
૯. પ્રમાદ, એદીપણું, સુસ્તી(૩)
૧૦. જીવના જોખમે (૬)
૧૧. વેરો, આંતરો (૪)
૧૨. રાક્ષસ, દાનવ (૨)
૧૪. સૂર્ય, સન (૨)
૧૭. ચોક્કસ, અવશ્ય (૩)
૧૮. ઇરાદો, મનસા (૩)
૧૯. વતન, શહેરનું વિરોધી... થાય (૨)

### શબ્દાવલી ૫૩૧૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) બદ્તમીઝ (૫) જરા (૭) હુનર (૮) મીનમેખ (૯) ભાસ્કર (૧૦) લાડી (૧૩) જામનગર (૧૫) બાસુંદી (૧૬) વધ (૧૮) નરાધમ (૧૯) નહેર

**ઊભી ચાવી :-** (૧) બહુરૂપી (૨) દન (૩) તરભાણુ (૪) ઝમીર (૫) જમેલા (૬) રાખડી (૧૧) મનભાવન (૧૨) વસુંધરા (૧૪) રહેવર (૧૫) બાવન (૧૭) મમ

## શાળાઓમાં ગુણોત્સવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફેબ્રુઆરીએ રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ટેલિકોન્ફરન્સ કરી શાળાના આચાર્યો અને શિક્ષકો સાથે વાતચીત કરી ગુણોત્સવની તૈયારીને લઈ માર્ગદર્શન આપનાર છે.

ગાંધીનગર જિલ્લામાં ગુણોત્સવ પૂર્વે ગત વર્ષે પ્રિ. ગુણોત્સવ યોજવામાં આવ્યો હતો અને તેના સારા પરિણામ પણ પ્રાપ્ત થયા હતા. આ વખતે પણ ગુણોત્સવમાં વધુ સારો ક્રમાંક મેળવવા માટે જિલ્લા તંત્રએ તડામાર તૈયારીઓ આરંભી દીધી છે.

જિલ્લામાં આ વર્ષે ૧૨૦ પ્રા. શાળાઓનું મૂલ્યાંકન કરવામાં આવનાર છે. જો કે શાળાઓની પસંદગી રાજ્યસ્તરેથી કરવામાં આવનાર છે જે ઉલ્લેખનીય છે.

## રાંચરડાથી સાણંદ માર્ગ પર ૧૭મીના ટ્રાફીક વ્યવસ્થા જોગ

ગાંધીનગર, તા.૧૬

રાજયસભાના સદસ્ય શ્રી અને રિલાયન્સ ઈન્ડ્રસ્ટ્રીઝના ગૃહ પ્રેસીડેન્ટ શ્રી પરિમલ નથવાણીના પુત્રનો લગ્ન પ્રસંગ તા. ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૪ના રોજ કલોલ તાલુકાના રાચરડા થી સાણંદ તરફ જવાના માર્ગ પર આવેલા સંતુર ફાર્મ ખાતે યોજાનાર છે. આ સમારંભમાં મોટી સંખ્યામાં વી.આઈ.પી મહેમાનો ઉપસ્થિત રહેવાની શક્યતા છે.

મહાનુભાવશ્રીઓની સલામતીને ધ્યાને લઈ તા. ૧૭/૦૨/૨૦૧૪ના કલાક ૧૨ થી કલાક ૨૪ સુધી ઉપરોક્ત રોડ ઉપરનો ટ્રાફિક રાંચરડા ગામથી રણછોડપુરા ચાર રસ્તાથી ડાભલા ચાર રસ્તા તરફ અને એજ રીતે ડાભલા ચાર રસ્તાથી રાંચરડા ગામથી પલોડિયા તરફ ટ્રાફિક ડાયવર્ટ કરવાનો જાહેર હિતમાં હુકમ જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપે કર્યો છે.

# ગુજરાતમાં એક-બે દિવસમાં ઠંડીની લહેર રહેવા શક્યતા

## અપર એર સરક્યુલેશનની પરિસ્થિતિથી તાપમાનમાં ભારે ઉતારચઢાવ : વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે

અમદાવાદ,તા.૧૬

જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઘણા ભાગોમાં હિમવર્ષાના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં પણ હવામાન પર તેની સીધી અસર થઈ છે. અપર એર સરક્યુલેશનની સ્થિતિ દક્ષિણી રાજસ્થાન અને આસપાસના વિસ્તારો પર સર્જાયેલી છે જેથી હવામાનમાં જોરદાર પટલો આવ્યો છે. તાપમાનમાં ભારે ઉચારચઢાવની સ્થિતિ જોવા મળી રહી છે. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૧૩થી ૧૪ ડિગ્રીની વચ્ચે જોવા મળી રહ્યુ છે. વહેલી સવારથી જ વાદળછાયુ વાતાવરણ જોવા મળી રહ્યુ છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે ઉત્તરભારતમાં થયેલી હિમ વર્ષાના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં અસર દેખાઈ રહી છે. આગામી એક-બે દિવસમાં ઠંડીની તીવ્ર લહેલ જોવા મળી શકે છે. બીજી બાજુ દેશના મેદાની ભાગોમાં પણ ઠંડીનો લોકો અનુભવ કરી રહ્યા છે. હવામાન વિભાગેઆગાહી કરતા કહ્યુ છે કેઅપર એર સરક્યુલેશનની સ્થિતિના પરિણામ સ્વરૂપે અમદાવાદ, ડિસા, ગાંધીનગર, નલિયા સહિતના વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થયો છે. નલિયામાં સૌથી ઓછુ ૫.૮ ડિગ્રી તાપમાન નોધાયુ છે. હવામાન વિભાગ તરફથી ઓછા તાપમાન માટેની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી. બીજી બાજુ કમોસમી વરસાદ કોઈ પણ જગ્યો ન થતા ખેડૂતોને રાહત થઈ છે. હાલમાં દક્ષિણ ગુજરાતના ઘણા ભાગોમાં કમોસમી વરસાદથી ચિંતા જોવા મળી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઉંચાણવાળા ભાગોમાં હિમવર્ષા થઈ રહી છે. સિમલામાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. લોકલ રૂટ પરની બસ સેવાઓ ઠપ થઈ ચુકી છે. જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ હિમાચલ પ્રદેશમાં આસમાને પહોંચ્યા છે. ચારે બાજુ બરફની ચાદર છવાયેલી છે. ઉપરાંત જમ્મુ કાશ્મીરના વિવિધ ભાગોમાં પણ હિમવર્ષા થઈ છે.

## ટાઈમ લાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા વોટના પ્રોમિસ માગવામાં આવે છે, બદલામાં તેમને આશ્રમ માટે જગ્યા ફાળવણીના આદેશો થાય છે. એકલા ગુજરાતમાં નહી, દેશના અન્ય રાજયોમાં આ પ્રથા શરૂ થઈ છે... બાબા રામદેવ અને આસારામ બાપુ એ બન્નેને સંત કહેવાય કે નહી, તે અલગ વિષય છે પરંતુ ચૂંટણી સમયે લાગેલા તેમના સત્સંગોમાં રાજકીય નેતાઓ હાજરી આપે એટલે હજારો વોટ પાકા સમજી શકાય. બાબા અને બાપુ ખુલ્લેઆમ કોઇ પાર્ટીની તરફદારી કરે અને તેમના ભક્તોને આદેશ કરે એટલે રાજકીય નેતાનું કામ પૂર્ણ થાય છે. ભૂતકાળમાં થયેલી વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓમાં મતદારોએ આ દ્રષ્ય જોયાં છે અને હજી પણ જોઇ શકે છે.

એવું કહેવાય છે કે સાધુ કે સંતને કોઇ દુશ્મન નથી હોતા, બધાં લોકો પ્રત્યે તેમનો અપાર પ્રેમ વરસતો હોય છે. કોઇની લાગણી દુભાય તેવું કૃત્ય તેઓ કદાપી કરતા નથી. બાબા રામદેવ તો કોંગ્રેસના નેતાઓને ભરપેટ ગાળો ભાંડે છે. રાજકીય નેતાઓની જેમ પ્રવચનો કરે છે અને પર્ટીક્યુલર પાર્ટીને વોટ આપવાની જાહેરમાં અપીલ પણ કરે છે. ગુજરાતના એક સંત પૂજય ડોંગરેજી મહારાજ હતા, તે પછી તેમના જેવા સંત આ રાજયમાં થયા નથી. સાચા અર્થમાં સંત કોને કહેવાય તે જાણવું હોય તો આપણે ડોંગરેજી મહારાજના જીવનમાં ઉતરવું જોઇએ. ધર્મમાં ક્યારેય તેમણે રાજકારણનો પડછાયો પણ પડવા દીધો નથી. એક નેતાએ જ કબુલ કર્યુ છે કે ધાર્મિક સંપ્રદાયોમાં રાજકારણની છાંટ આવતી જાય છે, જે સમાજજીવન માટે ખતરારૂપ છે. લોકોની લાગણીઓ વટાવીને વોટ મેળવવા એ પાપ ગણાય કે કેમ તે સવાલ છે..!!

**લોકપ્રિયતાની વ્યાખ્યા બદલાઇ ચૂકી છે...**

લોકપ્રિય વ્યક્તિ કોને કહેવી..?.. લોકોમાં પ્રિય હોય તેને લોકપ્રિય કરી શકાય... બ્લેકમની એકત્ર કરીને લોકસેવા કરતી વ્યક્તિને લોકપ્રિય કહી શકાય...ગુંડાઓના જોરે લોકોને દબાવીને વાહ-વાહ કરે તેને લોકપ્રિય કહી શકાય...કે પછી સમાજસેવા કરીને લોકોની ચાહના મેળવનાર લોકપ્રિય છે... વ્યક્તિ પ્રમાણે વ્યાખ્યા બદલાય છે. આજે તો સેલિબ્રિટી ખૂબ લોકપ્રિય હોય છે. શાહરૂખ ખાન હોય કે દિપીકા પદુકોણ, સચિન તેંડુલકર હોય કે ઉદ્યોગપતિ વિજય માલ્યા...ચૂંટણીમાં ઉભા હોય તો જીતી જાય, પણ ખરેખર તેઓ લોકપ્રિય છે..? તેઓ સમૂહમાં ચાહના ધરાવે છે, પણ વ્યક્તિગત કામ કરીને લોકોના દિલ જીતી શકતા નથી...

દિલમાં ઉતરી જાય તેવા સમાજસેવકો લોકપ્રિય બનતા નથી. વ્યક્તિગત સેવામાં કાર્યરત વ્યક્તિને ચાહનાની પડી નથી, તેને તો લોકોની સેવા જ કરવી છે. સમાજમાં એવા દિલેર ઈન્સાન પણ છે જેઓ ક્યારેય રાજકારણમાં આવ્યા નથી અને આવ્યા છે તો ફાવ્યા નથી. જૂનાગઢના ધારાસભ્ય મહેન્દ્ર મશરૂ કે જેઓ દિલના સાફ છે. લોકો પ્રત્યે તેમને હમદર્દી છે. પશુ અને પક્ષીપ્રેમી છે. પ્રામાણિક છે. લોકપ્રિય છે, પણ તેઓ ક્યારેય સરકારમાં પ્રધાન થઈ શક્યા નથી. અન્ના હજારે નખશીખ પ્રામાણિક છે, પણ નેતા બની શક્યા નથી. ગુજરાતના જંગલોમાં આદિવાસીઓની વચ્ચે જઇને જ્ઞાનની ગંગા વહાવનારા એ સમાજ સેવકો આજે રાજકારણમાં નથી.. સમાજમાં વર્ચસ્વ ધરાવતા અને અઢળક રૂપિયાના માલિકો પ્રધાન બને છે. એમપી બને છે અને એમએલએ બને છે..માત્ર બે હજાર રૂપિયામાં ચૂંટણી લડનારા કરમશી મકવાણા જેવા નેતાઓનો જમાનો હવે ગયો. કોઇ તેમને યાદ પણ કરતું નથી...

**કેજરીવાલ નવરા થયાં છે, ગુજરાત આવ્યા સમજો...**

દિલ્હીના ૪૯ દિવસના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ હવે નવરા થઇ ગયા છે. તેમની પાસે સત્તા નથી. મુખ્યપ્રધાન હોવા છતાં સડકછાપ રાજનિતી કરનારા આ એક્ટિવિસ્ટ લોકસભાની ચૂંટણીમાં સક્રિય બન્યા છે. તેમણે કોંગ્રેસની સાથે ભાજપને પણ નિશાન બનાવવાનું શરૂ કર્યુ છે. કેજરીવાલ માને છે કે હાલના બધાં શાસકો ભ્રષ્ટાચારી છે. રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને નરેન્દ્ર મોદી સહિતના નેતાઓને પણ તેમણે બક્ષ્યા નથી. વિશ્વમાં ભ્રષ્ટાચાર ક્યાં નથી... દેશના ક્યા રાજયમાં ભ્રષ્ટાચાર નથી. લાંચ-રૂશ્વતને આજના સમયમાં ઓછી કરી શકાય છે પણ નાબૂદ કરવી અશક્ય છે. ઈતિહાસ ગવાહ છે, રાજા-મહારાજાના સમયમાં અને અંગ્રેજોના સમયમાં પણ કરપ્શન જોવા મળતું હતું. કેજરીવાલ ભલે પ્રામાણિક હોય, તેમના સાથીદારો દૂધે ધોયેલા નથી. આમ આદમી પાર્ટીમાં સામેલ લોકો પ્રામાણિક છે તેવું કહેવું અસત્ય છે, અને એક વ્યક્તિ આ સફાઇ કરી શકે નહી...

કેજરીવાલ લોકસભાની ચૂંટણીમાં ૩૦૦ ઉમેદવારો ઉભા રાખવા માગે છે. ગુજરાતમાં ૨૬ બેઠકો ઉપર તેઓ ઉમેદવાર ઉભા રાખશે. હવે નવરા થઇ ચૂક્યા છે તેથી ગુજરાત આવ્યા સમજો... તેમનો ગુજરાત પ્રવાસ નક્કી થવાનો છે. તેઓ જયારે ભ્રષ્ટાચાર વિરૂદ્ધ આંદોલન કરતા હતા ત્યારે ગાંધીનગર પાસેના એક ગામમાં રક્ષાશક્તિ યુનિવર્સિટીનો વિરોધ કરવા આવ્યા હતા અને મોદી સરકારે તેમને આંદોલન કરવા દીધું ન હતું. તેમની રેલીનો પોલીસે અટકાવી હતી, હવે તેઓ ફરીથી ગુજરાતમાં આવવા સક્રિય બન્યા છે, કારણ કે ગુજરાતના મુખ્યપ્રધાન એ ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર છે. પાર્ટીના પ્રદેશ નેતાએ કહ્યું હતું કે તેમના ગુજરાત પ્રવાસનો કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે...

**સોશ્યલ નેટવર્કમાં કોંગ્રેસ હજી કમજોર...**

સોશ્યલ નેટવર્કમાં કોંગ્રેસ હજી કમજોર છે. ભાજપની જેમ સોશ્યલ સાઈટ ઉપર કોંગ્રેસના નેતાઓ છવાઇ શકતા નથી. ભાજપના લગભગ તમામ ધારાસભ્યો અને સંસદસભ્યો ફેસબુક અને ટ્વિટર જેવા એકાઉન્ટ ધરાવે છે પણ કોંગ્રેસના બધાં ધારાસભ્યો અને સંસદસભ્યો આવા એકાઉન્ટથી દૂર છે. વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ તેમનું ફેસબુક એકાઉન્ટ બનાવ્યું છે પણ તેમણે રોકેલા આઈટી તજજ્ઞ માત્ર તેમના ફોટા અપલોડ કરે છે. શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયા વ્યક્તિગત ઈમેજમાંથી બહાર આવતા નથી. યુપીએ સરકારના ત્રણ કેન્દ્રીય પ્રધાનોની સાઈટ ક્યારેય અપડેટ થતી નથી. તેમના વિભાગોની ઉપલબ્ધિઓનું શેરીંગ પણ તેમણે કર્યુ નથી. ધારાસભ્યો અને સંસદસભ્યો વ્યક્તિગત ફોટોગ્રાફીમાં મશગૂલ છે...

બીજી તરફ ભાજપે સોશ્યલ સાઈટ્સ ઉપરાંત તેમની પાર્ટીના બ્રેકીંગ ન્યૂઝ આપવાનું શરૂ કરી દીધું છે. ભાજપ માટે ચાય પે ચર્ચા એ સોશ્યલ સાઈટની સૌથી મોટી ઉપલબ્ધિ છે. મોદીનીં મિશન-૨૭૨ પ્લસ વેબસાઈટ લોકપ્રિય બની રહી છે. મોદીની વેબસાઈટ ૧૬ ભાષાઓમાં દેખાય છે. હવે વિધાનસભાની જેમ મોદીની થ્રી-ડી ચૂંટણી સભાઓનો કાર્યક્રમ ઘડાઈ રહ્યો છે. ભાજપના રાષ્ટ્રીય નેતાઓના ટ્વિટર એકાઉન્ટ સોશ્યલ સાઈટ્સમાં ધૂમ મચાવે છે. ક્યારે કોની ક્યાં સભા છે તે પળવાળમાં ખબર પડી જાય છે. ચૂંટણી પહેલાં ચૂંટણી જીતી જવાનો માહોલ ભાજપે ક્રિયેટ કરી દીધો છે.

**રાજયના બંદરોની સુરક્ષા માટે સ્પેશ્યલ ફોર્સ....**

મુંબઈના દરિયાપાર આતંકવાદી હુમલા પછી કેન્દ્ર સરકારની સાથે ગુજરાત સરકાર પણ સજાગ બની છે. ગુજરાતે મરીન પોલીસ સ્ટેશનો ઉભા કર્યા પછી હવે નોન મેજર પોર્ટની સુરક્ષા માટે સ્પેશ્યલ ફોર્સની રચના કરવાનો નિર્ણય કર્યો છે. ૬૯૦ જવાનો જેમાં સામેલ થવાના છે તે પ્રોજેકટની કોસ્ટ ૧૦ કરોડ થવા જાય છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.કે.નંદા કહે છે કે મરીન કમાન્ડો કહી શકાય તેવા આ ફોર્સને સ્પેશ્યલ ટ્રેઈનિંગ આપવામાં આવશે અને તેનું હેડક્વાર્ટસ જામનગર રહેશે..

કેન્દ્રની સહાયથી રાજયના દરિયાકિનારે ૨૨ જેટલા મરીન પોલીસ સ્ટેશન સ્થાપવામાં આવ્યા છે અને તેમાં અત્યાર સુધી ૫૦૦?? સ્ટાફ ભરતી કરવામાં આવ્યો છે. આ તમામ પોલીસ સ્ટેશનો કોસ્ટલ એરિયા અને ખાસ કરીને પોર્ટ વિસ્તારમાં છે. સ્પેશ્યલ ફોર્સ મગદલ્લા, નવલખી, મુંન્દ્રા, પીપાવાવ, અલંગ, ઓખા, બેડી, જખૌ, ભાવનગર, પોરબંદર અને માંડવી જેવા બંદરોએ કાર્યરત થશે. એ ઉપરાંત નર્મદા ડેમ અને અલગ અલગ રિફાઈનરી માટે પણ આ ફોર્સ મદદ કરશે. રાજ્ય સરકારે આ પ્રપોઝલને મંજૂરી આપી દીધી છે. ગુજરાતમાં હાલ નાના-મોટા મળીને કુલ ૪૨ પોસ્ટ આવેલા છે અને તેની સુરક્ષાને પ્રથમવાર પ્રાધાન્ય મળી રહ્યું છે...

**વિધાનસભાની ચૂંટણી પછી મેટ્રોરેલ ધીમી પડી...**

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રોરેલની જાહેરાત કરનાર ગુજરાત સરકારે તેના લોભામણા પ્રોજેક્ટ ઉપર ઠંડુ પાણી રેડી દીધું છે. વિધાનસભાની ચૂંટણી પહેલાં મોદી સરકારે આ પ્રોજેકટને ફાસ્ટટ્રેક ઉપર લઇ જવાનો નિર્ણય કર્યો હતો પણ આ મેટ્રોરેલનો પ્રોજેક્ટ તેના ટ્રેક ઉપરથી ફંગોળાઇ ગયો છે. ૨૦ હજાર કરોડનો ખર્ચ થવાની ધારણા છે તેવા આ પ્રોજેક્ટના અભ્યાસ પાછળ કરોડો રૂપિયા ખર્ચાઇ ચૂક્યા પછી સરકારને ખબર પડી કે ગાંધીનગર માટે તે વાયેબલ નથી, એટલે પ્રોજેક્ટમાંથી ગાંધીનગરની બાદબાકી કરી દેવામાં આવી છે...

૨૦૦૪માં મેટ્રોરેલ પ્રોજેક્ટ તેના નિર્ધારિત સમયમાં શરૂ થયો હોત તો આજે ૬૦૦૦ કરોડના પ્રોજેક્ટમાં ગાંધીનગર અને અમદાવાદની જનતા મેટ્રોરેલમાં સફર કરતી હોત, પણ મોદી સરકારે અમદાવાદની બીઆરટીએસમાં જ ધ્યાન કેન્દ્રીત કર્યુ પરિણામે મેટ્રોરેલ આવતી અટકી ગઇ છે. આજે દિલ્હી પછી રાજસ્થાન, તામિલનાડુ, મહારાષ્ટ્ર, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં મેટ્રોરેલ પ્રોજેક્ટ તેની નિર્ધારિત ગતિએ આગળ વધી ચૂક્યાં છે. આપણે ત્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવા છતાં પાછળ છીએ..

**વડાપ્રધાન પદ માટે કોંગ્રેસ નવો જુગાર ખેલશે...**

લોકસભા-૨૦૧૪માં ભાજપે નરેન્દ્ર મોદીને વડાપ્રધાનના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કર્યા પછી કોંગ્રેસ આ પદ માટે કોને પ્રોજેક્ટ કરે છે તેની ચર્ચાએ જોર પકડ્યુ હતું. એક તબક્કે એવું પણ ચર્ચાતુ હતું કે કોંગ્રેસ રાહુલ ગાંધીને પ્રોજેક્ટ કરશે પરંતુ કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ રાહુલને વડાપ્રધાનના ઉમેદવાર બનાવવાનો ઈન્કાર કર્યા પછી પાર્ટીમાં અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. દિલ્હીના વહીવટી સૂત્રોમાં ચાલતી કાનાફુસી પ્રમાણે કોંગ્રેસ તેના વડાપ્રધાન પદના ઉમેદવારમાં નવો જુગાર ખેલશે. હવે મનમોહનની જગ્યાએ કોંગ્રેસ મીરાંકુમારને પ્રોજેક્ટ કરશે. દિલ્હીના દસમાંથી આઠ સનદી અધિકારીઓ આ વાતને સમર્થન આપે છે...

મીરાંકુમાર માટેની તાર્કિક દલીલો વહેતી થઇ છે તે પ્રમાણે એક તો દલીત છે. બીજા તેઓ મહિલા છે અને બિહારનું પ્રતિનિધિત્વ કરે છે. લોકસભાના સ્પીકરપદે તેમને અદ્દભૂત લોકચાહના મેળવી છે. પાર્ટીનો તદ્દન સ્વચ્છ ચહેરો છે. વિરોધપક્ષો પણ તેમની ઉપર કોઇ એલિગેશન કરી શકે તેમ નથી. આ નામ માટે કોંગ્રેસના પ્રથમ હરોળના નેતાઓમાં સહમતી એટલા માટે છે કે ફરીથી સત્તા મળતી હોય અને યુપીએ-૩માં રચના થાય તો સરકારમાં ક્યાંક ને ક્યાંક તો સેટ થઇ જવાય. કહેવાય છે કે ને હાર્યો જુગારી બમણું રમે, તેમ સોનિયા ગાંધી હવે મીરાંકુમારના નામનો જુગાર ખેલે તો નવાઇ પામવા જેવું નથી...

**ખેતરો ઘટ્યા અને ખેતમજૂરો વધ્યા...**

ગુજરાતના એગ્રીકલ્ચર ક્ષેત્રમાં એક મોટો બદલાવ આવ્યો છે. સરકારનો દાવો છે કે અમે ખેતીની જમીનમાં વધારો કર્યો છે પરંતુ હકીકત એ છે કે રાજયમાં ખેતરો ઘટ્યાં છે અને ખેતમજૂરોની સંખ્યા વધી છે. ૨૦૦૧માં ખેતમજૂરોની પ્રમાણ સમગ્ર રાજયમાં ૫૧.૬૧ લાખ હતું તે ૨૦૧૧માં વધીને ૬૮.૩૯ લાખ થયું છે. એટલે કે ખેતમજૂરોની સંખ્યામાં ૧૬.૭૭ લાખનો વધારો થયો છે. આટલી મોટી સંખ્યામાં ખેતમજૂરો કેમ વધ્યા તેનો પ્રાઈવેટ સર્વે કરવામાં આવ્યો છે જેમાં પરિણામ એ મળ્યું કે ખેતરો વેચીને ખેડૂતો માલિકો મટી મજૂર બની ચૂક્યાં છે...

રાજયમાં સૌથી વધુ ખેતમજૂરોનું પ્રમાણ વડોદરા જિલ્લામાં છે. આ જિલ્લામાં ૫.૭૦ લાખ ખેતમજૂરો છે. ત્યારબાદ દાહોદમાં ૪.૩૮ લાખ મજૂરો છે. સૌથી ઓછા ૪૦ હજાર ડાંગ અને ૪૮ હજાર પોરબંદરમાં છે. અમદાવાદમાં ૨.૬૮ લાખ અને ગાંધીનગરમાં ૧.૨૯ લાખ ખેતમજૂરો ખેતરોમાં કામ કરે છે. ખેતમજૂરોની રાજયવાર સંખ્યામાં ૩૧.૮૯ લાખ મહિલા અને ૩૬.૪૯ લાખ પુરૂષ છે. સર્વેના આંકડા પ્રમાણે છેલ્લા ૧૦ વર્ષમાં ખેતમજૂરોનું પ્રમાણ ૩૨.૫૦ ટકાના દરે વધ્યું છે...

**પાર્ટીઓને ઉમેદવાર જોઇએ છે....**

લોકોમાં પ્રિય હોય, નામ માત્રથી લોકો ધ્રુજતા હોય, વિવિધ સમાજના મતો મેળવી શકે, વિરોધી ઉમેદવારને હંફાવી શકે, ચૂંટણીમાં પોતે સત્તાવાર ૪૦ લાખ ખર્ચી શકે અને ચૂંટણીમાં પાર્ટીને ફંડ આપી શકે તેવા ઉમેદવારોની જરૂર છે... મહિલા અને યુવા ઉમેદવારો એપ્લાય કરી શકે છે, અને હા, સોશ્યલ સાઈટ્સનો વપરાશ કરતા આવડવું જોઈએ. ખાસ નોંધઃ પ્રામાણિકતા અને ઉચ્ચ અભ્યાસ એ પાત્રતા ગણાશે નહીં...